


પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ લિ.ના ઈસ્યુ અંગે માહિતી આપી રહેલા કંપનીના ચેરમેન તથા મેનેજીંગ ડીરેક્ટરશશીકાંત પટેલ નજરે પડે છે.

# પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ ૧૦મીએ મૂડીબજારમાં પ્રવેશ કરશે

અમદાવાદ,તા.૫

પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ લિ.ની ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈનીશીયલ પબ્લીક ઓફર (આઈપીઓ) ૧૦ એપ્રિલ ૨૦૦૬ના રોજ ખૂલશે અને ૧૭ એપ્રિલ ૨૦૦૬ના રોજબંધ થશે. કંપની ઝડપથી વિકાસ પામતી ફાર્માસ્યુટીકલ કંપની છે તે હર્બલ અને ન્યુહાસ્યુટીકલ ક્ષેત્રમાં વૈશ્વિક હાજરી ધરાવે છે. કંપની ભરણા મારફત રૂા.૧૧૦ કરોડ ઉઘરાવશે. શેરદીઠ રૂા.૨૮૦થી રૂા.૩૦૦ની પ્રાઈસ બેન્ડ નક્કી થઈ છે. કંપનીના શેરો બી.એસ.ઈ. અને એન.એસ.ઈ. પર લિસ્ટેડ થશે. ઈસ્યુમાંથી ૬૦ ટકા ક્વોલીફાઈડ સંસ્થાકીય રોકાણકાર, ૧૦ ટકા બિન- સંસ્થાકીયરોકાણકાર અને બાકીના શેરો રીટેઈલ રોકાણકારોને ઓફર કરાશે.

આ પ્રસંગે કંપનીના ચેરમેન અને એમ.ડી. શશીકાંત પટેલે કહ્યું કે, અમને ખાતરી છે કે, આ આઈ.પી.ઓ.માં રોકાણ કરનારા રોકાણકારો અમારી સફળતાનો ભાગ બનશે અમે ૪૦ વર્ષથી ફાર્મા ક્ષેત્રમાં છીએ.